Saturday
10.06.2023
*Volume :7 * Issue No.312
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# મહેસાણા ખાતે સરદારધામ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન મેગા એક્સપો-૨૦૨૩નો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાતમાં શરુ થયેલી અવિરત વિકાસની સફળતાને કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું





### રાજ્ય સરકાર ૨૦૨૪માં વાયબ્રન્ટ સમિટ યોજવા જઈ રહી છે :- શ્રી બલવંતસિંહ રાજપૂત

### ગુજરાતમાં સતત ઇનોવેશન અને આવિષ્કારો થઈ રહ્યા છે, સ્ટાર્ટઅપ વિકસી રહ્યાં છે, જે આવનારા સમયમાં ઉદ્યોગ ક્ષેત્રે મોટી ક્રાંતિ લાવશે

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મહેસાણા ખાતે ત્રિ-દિવસીય ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન મેગા એક્સપો -૨૦૨૩નો પ્રારંભ થયો છે. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સરદાર ધામ અને ગુજરાત પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા ત્રિ-દિવસીય મેગા એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે તે ખરેખર સહરાનિય છે. ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાતમાં શરુ થયેલી અવિરત વિકાસની સફળતાને કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. એટલુ જ નહિ, આજે ગુજરાત તમામ ક્ષેત્રોમાં ખુબ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી વિકાસની રાજનીતિને કારણે આજે ગુજરાતના દરેક ગામડાઓ સુધી પાક્કા માર્ગ અને વીજળી પહોંચી છે. વીજળી અને રસ્તાઓ બનવાને કારણે સરળતાથી પાણી પણ ગામડાઓ સુધી પહોંચ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વિકાસ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સહિત દરેક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી તાજેતરમાં રાજકોટના જસદણના આટકોટમાં લોકાર્પણ કરેલી અત્યાધુનિક હોસ્પિટલનું ઉદાહરણ આપતા કહ્યું કે, આજે ગ્રામ્ય લેવલે આવી અધ્યતન ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે તે આપણા સૌ માટે એક ગર્વની વાત છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસનો મજબૂત પાયો ગુજરાતમાં નાખ્યો હતો તેનો અનુભવ આજે દેશ અને સમગ્ર દુનિયાને થઈ રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ શ્રી નરેન્દ્રભાઈ મોદીની તાજેતરમાં થયેલી વિદેશ યાત્રાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કરેલા અવિરત વિકાસના કાર્યોને કારણે ભારતનું નામ આજે વૈશ્વિક સ્તર પર ગાજી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે 'મોદી ઈઝ અ બોસ', જે સૌ ભારતના સૌ નાગરિકો માટે એક ગૌરવની વાત છે. મુખ્યમંત્રીશ્રીએ મહેસાણા ખાતે આયોજિત ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝ મેગા એક્સપો -૨૦૨૩ની વાત કરતા કહ્યું કે, આએક્સપોમાં ૩૦૦ જેટલા સ્ટોલ લગાવવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં આ પ્રકારનું આયોજન પ્રથમ વખત થઈ રહ્યું છે. આ એક્સપો એટલા માટે પણ મહત્વનો થઈ જાય છે કે પાટીદાર સમાજે તમામ સમાજને સાથે રાખીને આગળ વધવાનો જે પ્રયાસ કર્યો છે તે પણ એક સહરાનીય છે. યુવા ઉદ્યોગકાર અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે સંકળાયેલા યુવાનો માટે આ એક્સપો અનેક તકો લઈને આવ્યું છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં છેલ્લા ૩ વર્ષથી ગુજરાત ટોપ પર છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા દાયકાઓમાં ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે ક્રાંતિ થઈ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આયોજન અને માર્ગદર્શન મુજબ ગુજરાત સતત આગળ વધી રહ્યું છે.વાઈબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું અનુકરણ સમગ્ર દેશમાં થઈ રહ્યું છે અને તેણે આજે દેશભરમાં આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નવી વિકાસની તકો માટે સતત ચિંતન કરતા રહે છે અને માર્ગદર્શન પૂરું પાડતા રહે છે. ગુજરાતમાં સતત ઈનોવેશન અને આવિષ્કારો થઈ રહ્યા છે, સ્ટાર્ટઅપ વિકસી રહ્યાં છે, જે આવનારા સમયમાં ઉદ્યોગ ક્ષેત્રે મોટી ક્રાંતિ લાવશે અને દેશને નવી ઊંચાઈએ પહોંચાડવામાં યોગદાન આપશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મહેસાણાએ શિક્ષણનું મૂલ્ય સમજીને શિક્ષણ ક્ષેત્રે ખૂબ સારા પ્રયાસો થયા, પરિણામે મહેસાણા આજે દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. શિક્ષણનો વ્યાપ વધતા જ આજે આટલો વિકાસ સાધી શક્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું. બિઝનેસ મેગા એકસપો અંગે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આવા ઉપક્રમોને કારણે બિઝનેસમેન એક છત તળે એકત્ર થાય છે અને બિઝનેસના નવા આયામો સર્જાય છે, સાથે સાથે નવી તકો ઉપલબ્ધ થાય છે. ઉદ્યોગ સાહસિકો પરસ્પર નજીક આવે છે અને સહિયારી પ્રગતિ કરે છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે કોઈ પણ દેશ હોય ત્યાં પટેલ સમુદાય અચૂક જોવા મળે છે. પહેલેથી જ શાંતિપ્રિય એવા પાટીદારો દુનિયાભરના દેશોમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે અને દરેક દેશમાં તેમને આવકાર મળી રહ્યો છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પાટીદાર સમાજ અન્ય તમામ સમાજને સાથે રહીને ચાલે છે. વિકાસ માટે સૌને સહભાગી બનાવે છે અને નવી તક પૂરી પાડે છે, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સમય સાથે બદલાતી ટેકનોલોજી અને ઈમર્જિન ઉદ્યોગમાં કૌશલ્યવાન માનવ સંસાધનની જરૂર પડશે, જેને ધ્યાનમાં રાખીને નવી સ્કીલ શીખવતા કોર્સિસ રાજ્યમાં શરૂ થયા છે, એ નોંધનીય છે. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સરદારધામ દ્વારા આયોજિત આ એક્સપોમાં મને સહભાગી થવાનો અવસર મળ્યો એ મારા માટે આનંદની વાત છે. જ્યારે સમાજ આ પ્રકારે દુરંદેશી વિચારથી કાર્યક્રમોનું આયોજન કરે ત્યારે ચોક્કસથી યુવાધનને દિશા મળે છે. તેમણે ઉમેર્યું હતું કે, પાટીદાર સમાજના યુવાનોએ ૨૧મી સદીમાં સમાજ માટે શું કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સરકારની કામગીરી વિશે વાત કરતાં મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર વેપાર ઉદ્યોગ ક્ષેત્રને વેગ આપવા ૨૦૨૪માં વાઈબ્રન્ટ સમિટ યોજવા જઈ રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન મેગા એક્સપોમાં આશરે ૩૦૦ જેટલા વિવિધ વેપાર-ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા લોકોએ ભાગ લીધો છે. સરદારધામ આયોજિત મિશન - ૨૦૨૬ અંતર્ગત આર્થિક અને ઐતિહાસિક અભિયાનના ભાગરૂપે ૨nd ઉત્તર ગુજરાત ઝોન આયોજિત ૨nd મેગા એક્સપો-૨૦૨૩ યોજાયો છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ઉમિયા ધામ ઊંઝા સંસ્થાનના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ,શ્રી કિરીટભાઈ પટેલ, સરદારધામના પ્રમુખ શ્રી ગગજીભાઈ સુતરીયા (વર્ચ્યુઅલ ઉપસ્થિતિ) તથા ટ્રસ્ટીઓ, દાતાઓ, વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો, સમાજના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# ડબ્લ્યૂએચઓના અહેવાલમાં જાહેર આરોગ્ય અને આર્થિક બચત પર 'હર ઘર જલ' કાર્યક્રમની નોંધપાત્ર અસર વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે

## જીવન બચાવવામાં, મહિલાઓ અને દીકરીઓનું સશક્તીકરણ કરવામાં અને ઈઝ ઓફ લિવિંગ- જીવનની સરળતામાં યોગદાન આપવામાં પીવાનાં સુરક્ષિત પાણીની ભૂમિકા આપણે જોઈ રહ્યા છીએ: ડો. વી કે પોલ, નીતિ આયોગ

**ભારતમાં સુરક્ષિત રીતે સંચાલિત પીવાનાં પાણીનાં સાર્વત્રિક કવરેજ સાથે, ઝાડા-ઊલટીના રોગથી લગભગ ૧૪ મિલિયન ડીએએલવાય (ડિસેબિલિટી એડ્જસ્ટેડ લાઇફ યર્સ) ટાળવાનો અંદાજ છે, જેનાં પરિણામે અંદાજિત ખર્ચની બચત ૧૦૧ અબજ ડોલર સુધી થાય છે.**




જલ જીવન મિશનમાં ભારત સરકારનાં રોકાણથી સ્વાસ્થ્ય પર નોંધપાત્ર અનેકગણી અસર પડે છે, જે આ અભ્યાસ દ્વારા બહાર આવી છે: ડો.રાજીવ બહલ

## દેશનાં તમામ ઘરો માટે સુરક્ષિત રીતે સંચાલિત પીવાનાં પાણીની ખાતરી કરવાથી ઝાડા-ઊલટીથી થતાં લગભગ ૪,૦૦,૦૦૦ મૃત્યુને ટાળી શકાયાં

**જલ શક્તિ મંત્રાલય અંતર્ગત જલ જીવન મિશન દ્વારા અમલમાં મૂકવામાં આવેલા હર ઘર જલ કાર્યક્રમની જાહેરાત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કરી હતી. આ કાર્યક્રમનો હેતુ દરેક ગ્રામીણ પરિવારને નળ દ્વારા પીવાનાં શુદ્ધ પાણીનો સસ્તો અને નિયમિત પર્યાપ્ત પુરવઠો આપવાનો છે. આ કાર્યક્રમનાં ઘટકો પાણી પુરવઠા, સ્વચ્છતા અને આરોગ્ય સફાઇ માટેના ડબ્લ્યૂએચઓ/યુનિસેફના સંયુક્ત નિરીક્ષણ કાર્યક્રમ (જેએમપી) સાથે સુસંગત છે, જેનો ઉદ્દેશ સુરક્ષિત રીતે સંચાલિત પીવાનાં પાણીની સેવાઓ માટે એસડીજી ૬.૧ પર પ્રગતિ પર નજર રાખવાનો છે.**

કમલમ્ ન્યુઝ,

"જીવન બચાવવામાં, મહિલાઓ અને દીકરીઓને સશક્ત બનાવવામાં અને ઈઝ ઑફ લિવિંગ- જીવનની સરળતામાં ફાળો આપવા માટે પીવાનાં સુરક્ષિત પાણીની ભૂમિકાના આપણે સાક્ષી છીએ." નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ. વી. કે. પૌલે આજે અહીં ભારતમાં 'હર ઘર જલ' કાર્યક્રમના નોંધપાત્ર ફાયદાઓ પર પ્રકાશ પાડતા ડબ્લ્યૂએચઓના મહત્વપૂર્ણ અહેવાલના વિમોચન પ્રસંગે આ વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "વ્યક્તિઓ અને પરિવારોનાં જીવનને શારીરિક, માનસિક અને આર્થિક રીતે સુધારવા પર કોઈ પણ કાર્યક્રમની આ પ્રકારની સીધી અસર પડતી નથી." ડૉ. પૌલે કાર્યક્રમની ગતિ અને વ્યાપની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, "દર સેકન્ડે એક નવું જોડાણ ઉમેરવામાં આવે છે અને આજે ભારતમાં જાહેર આરોગ્યમાં પરિવર્તન આવે છે." આ અહેવાલમાં એવો અંદાજ મૂકવામાં આવ્યો છે કે દેશનાં તમામ ઘરો માટે સુરક્ષિત રીતે સંચાલિત પીવાનાં પાણીની ખાતરી કરવાથી ઝાડા-ઊલટીના રોગોને કારણે થતાં લગભગ ૪૦૦,૦૦૦ મૃત્યુને ટાળી શકાયાં છે અને આ રોગોથી સંબંધિત આશરે ૧૪ મિલિયન ડિસેબિલિટી એડજસ્ટેડ લાઈફ યર (ડીએએલવાય)ને અટકાવી શકાયા છે. આ સિદ્ધિને કારણે જ ૧૦૧ અબજ ડૉલર સુધીની અંદાજિત ખર્ચની બચત થશે. આ વિશ્લેષણ ઝાડા-ઊલટીના રોગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે કારણ કે તે મોટાભાગના વૉશ ઉછજીૐ - કારણભૂત રોગ બોજ માટે જવાબદાર છે. જલ શકિત મંત્રાલયનાં પેયજળ અને સ્વચ્છતા વિભાગનાં સચિવ શ્રીમતી વિની મહાજન અને સ્વાસ્થ્ય સંશોધન વિભાગના સચિવ, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના ડાયરેક્ટર જનરલ ડો. રાજીવ બહલ, ડબ્લ્યૂએચઓના ભારત ખાતેના પ્રતિનિધિ ડૉ. રોડેરિકો એચ. ઑફ્રિન પણ આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં. આઈસીએમઆરના ડીજી ડો.બહલે નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવામાં હર ઘર જલની સિદ્ધિની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "જલ જીવન મિશનમાં ભારત સરકારનું રોકાણ સ્વાસ્થ્ય પર નોંધપાત્ર અનેકગણી અસર ધરાવે છે, જે આ અભ્યાસ દ્વારા બહાર આવ્યું છે."'હર ઘર જલ' અહેવાલ ઝાડા-ઊલટીના રોગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે કારણ કે તે પાણી, સ્વચ્છતા અને સફાઈ (વૉશ) મુદ્દાઓને લગતા એકંદર રોગનાં ભારણમાં નોંધપાત્ર ફાળો આપે છે.

આ વિશ્લેષણ આ રોગોને દૂર કરવાની તાતી જરૂરિયાત અને જાહેર આરોગ્ય અને આર્થિક સુખાકારીમાં નોંધપાત્ર લાભની સંભાવના પર ભાર મૂકે છે. ૨૦૧૯ પહેલા ગ્રામીણ વિસ્તારોમાં પાણી પુરવઠાની સ્થિતિ પડકારજનક હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૮માં, ભારતની કુલ વસ્તીના ૩૬ ટકા લોકોને, જેમાં ૪૪ ટકા ગ્રામીણ વસ્તીનો પણ સમાવેશ થાય છે, તેમનાં પરિસરમાં પીવાના પાણીના સ્ત્રોતોની સુલભતાનો અભાવ હતો. અસુરક્ષિત પીવાનાં પાણીના સીધા વપરાશથી આરોગ્ય અને સામાજિક પરિણામો ગંભીર હતાં. આ વિશ્લેષણ સૂચવે છે કે ૨૦૧૯માં, અસુરક્ષિત પીવાનાં પાણીએ, અપૂરતી સ્વચ્છતા અને સફાઈ સાથે, વૈશ્વિક સ્તરે ૧.૪ મિલિયન મૃત્યુ અને ૭૪ મિલિયન ડીએએલવાયમાં ફાળો આપ્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યૂએચઓ) વિવિધ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસડીજી) સૂચકાંકો પર નજર રાખે છે, જેમાં સુરક્ષિત રીતે સંચાલિત પીવાનાં પાણીની સેવાઓ (સૂચક ૬.૧.૧)નો ઉપયોગ કરતી વસતીનું પ્રમાણ અને અસુરક્ષિત પાણી, સ્વચ્છતા અને સફાઈ સાથે સંબંધિત મૃત્યુદરનો સમાવેશ થાય છે (સૂચક ૩.૯.૨). ડબ્લ્યૂએચઓ (WHO) એ પાણી, સ્વચ્છતા અને સફાઈમાં સુધારા સાથે સંકળાયેલા સ્વાસ્થ્ય લાભનો અંદાજ કાઢવા માટે પદ્ધતિઓ અને સાધનો વિકસાવ્યાં છે, ખાસ કરીને અતિસારના રોગો અને અન્ય સંબંધિત આરોગ્ય પરિણામોને ઘટાડવામાં. આ અહેવાલમાં નળનાં પાણીની જોગવાઈ દ્વારા મહિલાઓ અને છોકરીઓ માટે બચાવવામાં આવેલા જબરદસ્ત સમય અને પ્રયત્નો પર ભાર મૂકવામાં આવ્યો છે. ૨૦૧૮માં, ભારતમાં મહિલાઓ ઘરની જરૂરિયાતોને પહોંચી વળવા માટે દરરોજ સરેરાશ ૪૫.૫ મિનિટ પાણી એકત્રિત કરવામાં વિતાવતી હતી. એકંદરે, પરિસરમાં પાણી વિનાનાં ઘરો દરરોજ ૬૬.૬ મિલિયન કલાક પાણી એકત્રિત કરવામાં વિતાવે છે, જેમાંથી મોટા ભાગના (૫૫.૮ મિલિયન કલાક) ગ્રામીણ વિસ્તારોમાં થાય છે. નળનાં પાણીની જોગવાઈ દ્વારા સાર્વત્રિક કવરેજનાં પરિણામે દૈનિક જળ સંગ્રહ પ્રયત્નોની જરૂરિયાતને દૂર કરીને નોંધપાત્ર બચત થશે. આ જાહેરાત દરમિયાન ડીડીડબલ્યૂએસનાં સચિવ શ્રીમતી વિની મહાજને જલ જીવન મિશનની નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે ગ્રામીણ નળનાં પાણીનાં જોડાણો ૨૦૧૯માં ૧૬.૬૪% થી વધીને ૪૧ મહિનાના ગાળામાં ૬૨.૮૪% થયાં છે, જે વાર્ષિક માત્ર ૦.૨૩%ની તુલનામાં સરેરાશ વાર્ષિક ૧૩.૫%નો વધારો દર્શાવે છે.

# ડો મનસુખ માંડવિયાએ ચંદીગઢ અને પંચકુલામાં CGHS વેલનેસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું

## ભારતના દરેક નાગરિકને સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ પૂરી પાડવી એ સરકારની પ્રાથમિકતા છે: ડો. મનસુખ માંડવિયા



CGHS શહેરોનું કવરેજ ૨૦૧૪માં ૨૫ શહેરોથી ૨૦૨૩માં ૮૦ શહેરો સુધી વિસ્તર્યું છે

**ગરીબોને અમીરો જેવી ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ વધુ પરવડે તેવી ઉપલબ્ધ હોવી જોઈએ: ડો. મનસુખ માંડવિયા**

કમલમ્ ન્યુઝ,

"ભારતના દરેક નાગરિકને સુલભ અને ગુણવત્તાયુકત આરોગ્ય સંભાળ પૂરી પાડવી એ સરકારની પ્રાથમિકતા છે. આને સુનિશ્ચિત કરવા માટે CGHS સુવિધાઓનું વિસ્તરણ સરકાર માટે લક્ષ્ય કેન્દ્રીત માટેનું ક્ષેત્ર બની ગયું છે જેથી લોકો દેશમાં જયાં પણ રહેતા હોય ત્યાં ગુણવત્તાયુકત આરોગ્ય સંભાળનો ઉપયોગ કરી શકે." આ વાત કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ મનસુખ માંડવિયાએ કહી હતી. તેમણે ચંડીગઢ અને પંચકુલામાં સીજીએચએસ વેલનેસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતા આ વાત કહી હતી. આ પ્રસંગે ચંદીગઢના સંસદસભ્ય શ્રીમતી કિરણ ખેર અને પંચકુલાના વિધાનસભાના સભ્ય અને હરિયાણા વિધાનસભાના અધ્યક્ષની શ્રી જ્ઞાનચંદ ગુપ્તા પણ ઉપસ્થિત હતા. આ સાથે પંચકુલા CGHS સુવિધાઓ સાથેનું ૮૦મું શહેર બન્યું છે જે સાથે શહેરના કર્મચારીઓ અને પેન્શનરોની લાંબા સમયથી માગ પૂરી થઈ છે. ચંદીગઢ પાસે પહેલેથી જ ૪૭૦૦૦ નોંધાયેલા લાભાર્થીઓ સાથે CGHS વેલનેસસેન્ટર છે. બીજુ વેલનેસ સેન્ટર શરૂ થવાથી લાભાર્થીઓને મોટી રાહત મળશે કારણ કેકાર્યભાર બેવેલનેસ સેન્ટરો વચ્ચે વિભાજિત કરવામાં આવશે અને રાહ જોવાનો સમય ઘટશે જેથી નાગરિકોને રાહત મળશે. ડૉ. માંડવિયાએ ભારતના નાગરિકો માટે જીવનની સરળતા સુનિશ્ચિત કરવા માટે સરકારના લક્ષ્ય પર પ્રકાશ પાડ્યો હતો. આ સંદર્ભમાં તેમણે કહ્યું, "પેન્શનરોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ મેળવવા માટે સંઘર્ષ ન કરવો પડે તે માટે બિલિંગ અને રિઈમ્બર્સમેન્ટ સાયકલ પહેલાથી જ ભૂતકાળની સરખામણીએ ખૂબ જ સરળ બનાવી દેવામાં આવી છે. તેને આગળ જતાં વધુ ઝડપી અને સરળ બનાવાશે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "CGHS ટેકનોલોજીને નેશનલ હેલ્થ ઓથોરિટી સાથે સંકલિત કરવામાં આવી છે, અને ભારતના ૧૦૦ શહેરોમાં ટૂંક સમયમાં CGHS વિસ્તરણ કરવાના અમારા ઉદ્દેશ્ય સાથે, ભારતમાં સારી ગુણવત્તાની આરોગ્ય સંભાળ માટે લોકોની પહોંચની માત્રા વધશે." મોદી સરકારના ગરીબ તરફી અભિગમ પર લક્ષ્ય કેન્દ્રીત કરતાં, તેમણે વધુમાં કહ્યું કે, "ગરીબોને પરવડે તેવી અને ગુણવત્તાયુકત આરોગ્યસંભાળની સમાન પહોંચ મળે તેની ખાતરી કરવી એ મોદી સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે, જે આયુષ્માન ભારતની સફળતાના પુરાવા છે." આ બે વેલનેસ સેન્ટર ખોલવાથી માત્ર ચંદીગઢ-પંચકુલા-મોહાલી ટ્રાઈસીટી વિસ્તારમાં જ નહીં, પરંતુ પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશના નજીકના વિસ્તારોમાં રહેતા પેન્શનરોને પડતી મુશ્કેલીઓને દૂર કરવામાં ઘણી મદદ મળશે. આ સાથે, CGHS સુવિધા ધરાવતા શહેરોની સંખ્યા ૨૦૧૪માં ૨૫ શહેરોથી વધીને ૨૦૨૩માં ૮૦ શહેરોની થઈ છે.

# ગીર સોમનાથમાં પીવાના પાણી તેમજ સિંચાઈ વ્યવસ્થાની સમિક્ષા કરતા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા

## મંત્રીશ્રીએ સોનારિયા, વડોદરા ઝાલા, સુત્રાપાડા અને ધામળેજસહિત ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લઈ કર્યુ જાત નિરિક્ષણ





## આગેવાનો તેમજ સ્થાનિક ગ્રામ્યજનોની રજૂઆતો સંદર્ભે ત્વરિત કાર્યવાહી કરવા શીર્ષ અધિકારીઓને અપાયા સૂચનો

કમલમ્ ન્યુઝ,સોમનાથ

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગીર સોમનાથના સોનારિયા, વડોદરા ઝાલા, સુત્રાપાડા અને ધામળેજ સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લીધી હતી. આ દરમિયાન મંત્રીશ્રીએ પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા તેમજ સિંચાઈ વ્યવસ્થા અંગે સમિક્ષા કરી હતી અને સ્થાનિક ગ્રામજનોની રજૂઆતોને સાંભળી સત્વરે ઉકેલ લાવવા શીર્ષ અધિકારીઓને સૂચનાઓ આપી હતી. સૌ પ્રથમ મંત્રીશ્રીએ સર્કિટ હાઉસ ખાતે પાણી પુરવઠા, સિંચાઈ તેમજ વાસ્મોના શીર્ષ અધિકારીશ્રીઓ સાથે બેઠક કરી ચિતાર મેળવ્યો હતો. જે પછી હિરણ નદી સાઈટ પર મુલાકાત લીધી હતી જ્યાં કાર્યપાલક ઈજનેર શ્રી કલસરિયાએ પાણી પુરવઠા તેમજ બાંધકામ અંગે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતાં. જે પછી મંત્રીશ્રીએ સોનારિયા ગામે પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈ આસપાસના ગામોમાં પાણી વિતરણ વ્યવસ્થા જળવાય તે સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. આ તકે મંત્રીશ્રીએ વડોદરા ઝાલા મુકામે દરિયામાં જતા પાણીને રોકવા તેમજ ચોમાસાના પાણીનો સંગ્રહ કરવા નિર્માણાધિન બંધારાની કામગીરીનું જાતનિરિક્ષણ કર્યુ હતું અને પૂરક માહિતી મેળવી હતી.

જે પછી ધામળેજ ખાતે ગ્રામ્યજનોની પીવાના પાણી તેમજ સિંચાઈના પાણી અંગેની રજૂઆતો સાંભળી હતી અને ખેડૂતોને સિંચાઈ માટે કેટલું પાણી આપવામાં આવે છે? ગ્રામ્યજનોને પીવા માટે કેટલું પાણી આપવામાં આવે છે? અનધિકૃત પાણી કનેક્શનો સામે કડકાઈ વગેરે સંદર્ભે બારીકાઈથી માહિતી લીધી હતી અને ગ્રામ્યવિસ્તારમાં પાણી પુરવઠો જળવાઈ રહે અને આ બાબતે કોઈ વિક્ષેપ ઉભો ન થાય તેમજ પાણીનું વિતરણ સુનિયોજીત રીતે થાય તે અંગે શીર્ષ અધિકારીઓને તકેદારી રાખવા જણાવ્યું હતું. આ દરમિયાન મંત્રીશ્રીએ ધામળેજ સંપની મુલાકાત લઈ વિતરણ વ્યવસ્થાનો અહેવાલ મેળવ્યો હતો. મંત્રીશ્રીની મુલાકાત દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામીબહેન વાજા, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ, પુરવઠા અધિકારી શ્રી રાહુલ ગમારા, પાણી પુરવઠા બોર્ડ સુપ્રિટેન્ડન્ટ એન્જિ. શ્રી એલ.એમ.સિંઘલ સહિત પાણી પુરવઠા, સિંચાઈના શીર્ષ અધિકારીશ્રીઓ અને મહેન્દ્રભાઈ પીઠિયા સહિતના અગ્રણીઓ તેમજ ગ્રામ્ય સરપંચશ્રીઓ અને સ્થાનિક ગ્રામજનોની પણ ઉપસ્થિતિ રહી હતી.

# સુરત ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી (દિશા)ની બેઠક બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને યોજાઈ

## ગ્રામ્ય વિસ્તારમાં પાયાની જરૂરિયાતને પ્રાથમિકતા આપવાની હિમાયત કરતા બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવા



## બાળકના જન્મ સમયે સિકલસેલ એનિમીયાનો ટેસ્ટ કરવા માટે આરોગ્ય અને આઈ.સી.ડી.એસ.ના અધિકારીઓને કર્યું સુચન

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

સુરત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી(દિશા)ની બેઠક બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકમાં સાંસદશ્રી વસાવાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી મળી રહે તે દિશામાં આયોજન કરી પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા અપાય તે દિશામાં કાર્ય કરવું જરૂરી છે. આ તકે તેમણે વરાછાના યોગીચોક વિસ્તારમાં ગાર્ડનની સુવિધા ઉભી કરવા માટે મહાનગરપાલિકાના અધિકારીઓને જણાવ્યું હતું. સાંસદશ્રીએ તાલુકા કક્ષાએ સરકારી શાળાઓમાં બાળકો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તે માટે વિશાળ હોલના નિર્માણ અને સખીમંડળની બહેનો સ્વનિર્મિત ચીજ-વસ્તુઓનું વેચાણ કરીને આત્મનિર્ભર બની શકે તે માટે ઈ-રીક્ષા આપવાનું સુચન કર્યુ હતું. આશ્રમ શાળાઓમાં ગોબર ગેસ પ્લાન્ટ બનાવવામાં આવે તેમજ બાળકો જન્મ થાય એ જ સમયે તેમનો સિકલસેલ એનિમીયાનો ટેસ્ટ કરવામાં આવે તે માટે આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગને સાથે મળીને કાર્ય કરવા જણાવ્યું હતું. સાંસદશ્રીએ સૌ અધિકારીઓને ગરીબ દીકરીઓના સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ખાતા ખોલાવીને માનવતાના કાર્યમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો. સાંસદશ્રીએ નવતર પહેલરૂપે સખીમંડળની બહેનો દ્વારા ઉત્પાદિત થયેલા થેલા, પાણીની બોટલ જેવી વસ્તુઓથી અધિકારીઓનું સ્વાગત કરવાની પહેલ કરી હતી. દિશાની બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન પ્રોજેક્ટ, સુરત સ્માર્ટ સિટી, પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ, બ્રિજ સેલ, મધ્યાહન ભોજન યોજના, આત્મા પ્રોજેક્ટ, સોઈલ હેલ્થ કાર્ડ, સર્વ શિક્ષા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, પોસ્ટ વિભાગની સુકન્યા સમૃદ્ધિ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઓના જેવી વિવિધ કેન્દ્ર સરકારની ફલેગશીપ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી અરવિંદભાઈ રાણા, સંદિપભાઈ દેસાઈ, મનુભાઈ પટેલ, ઈ.જિલ્લા કલેક્ટરશ્રી બી.કે.વસાવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એમ.બી.પ્રજાપતિ, જિલ્લા પૂરવઠા અધિકારીશ્રી સાવલિયા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, વિવિધ સમિતિઓના સદસ્યો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ તેમજ સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતના લીંબાયત ખાતે નવસારી લોકસભામાં સમાવિષ્ટ લીંબાયત ,ઉધના ,ચોર્યાશી અને મજૂરા વિધાનસભા દ્વારા સંયુકત રીતે તારીખ ૧૧ જૂનના રોજ વિશાળ જાહેરસભાનું આયોજન

## આદરણીય ગુજરાત પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ સાહેબ જાહેરસભાને સંબોધિત કરશે.




કમલમ્ ન્યુઝ,સુરત,

વર્ષ ૨૦૧૪માં સત્તાના સુકાન સંભાળ્યા બાદ પીએમ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશની કાયાપલટ થઈ છે.પીએમના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સફળતાપૂર્વક ૯ વર્ષ પૂર્ણ કર્યા છે. "૯ સાલ બેમિસાલ" રહ્યા છે. ભારતે આ ૯ વર્ષમાં અનેકવિધ ક્ષેત્રમાં વિકાસની નવી ઊંચાઈ હાંસલ કરી છે.ત્યારે, પીએમ મોદીના ૯ વર્ષના આ શાસનકાળ દરમ્યાન ભારતે મેળવેલી સિધ્ધીઓને દેશની પ્રજા સમક્ષ ઉજાગર કરવા માટે હાલ ભાજપા દ્વારા ૩૦મી મે થી ૩૦ જૂન સુધી વિશેષ જન સંપર્ક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સંપર્કથી સમર્થનના આ અભિયાનના ભાગરૂપે આગામી ૧૧મી જુનના રોજ સુરત શહેરના લીંબાયત ખાતે આવેલા નીલગીરી મેદાન ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલની એક જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના સંદર્ભે શુક્રવાર ૯મી જૂનના રોજ શહેર ભાજપા કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદના પ્રારંભમાં સુરત શહેર ભાજપા અધ્યક્ષ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ જણાવ્યું હતું કે પીએમ મોદીના શાસનકાળ દરમિયાન ભારતે આજે અનેકવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આજે તેમની ઉત્કૃષ્ઠ કામગીરીને લઈને સમગ્ર વિશ્વમાં તેમનું બહુમાન થઈ રહ્યું છે. તેમના ૯ વર્ષના સુશાસનકાળ દરમિયાન ભારતે જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેને લોકો સમક્ષ ઉજાગર કરવા દેશભરના સંસદીય ક્ષેત્રમાં એક જાહેરસભાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે નવસારી સંસદીય ક્ષેત્રમાં આવેલી ચાર વિધાનસભા લીંબાયત, મજુરા, ઉધના અને ચોર્યાસીના સંયુક્ત ઉપક્રમે આગામી ૧૧મી જુનના રોજ લીંબાયતખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલની એક જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અધ્યક્ષ પાટીલ, પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, રાજ્ય સરકારના મંત્રીઓ સંબોધન કરશે. આ જાહેરસભાને સફળ બનાવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ઉપક્રમમાં આજે યોજાયેલી પત્રકાર પરિષદને ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલ , શ્રી મનુભાઈ પટેલ , શ્રી સંદીપભાઈ દેસાઈ રહ્યા હતા.આ વિશાળ જાહેરસભાને આદરણીય ગુજરાત પ્રદેશ પ્રમુખ અને નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ સાહેબ સંબોધિત કરશે તથા ૩૦ મેથી ૩૦ જૂન સુધી જે વિશેષ જન સંપર્ક અભિયાન યોજવામાં આવ્યું છે તેના વિશે તથા મોદી સરકારના નવ વર્ષ દરમ્યાન પ્રાપ્ત થયેલી ઉપલબ્ધીઓ , સર્વ સમાજ અને છેવાડાના માનવીઓ માટે બનાવેલી અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ તથા આ નવ વર્ષ દરમ્યાન ભારત દેશને વિશ્વગુરુ બનાવવા જે કદમ લેવામાં આવ્યા છે તેના વિશે વિસ્તૃત માહિતી આપશે. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ દ્વારા ઉપરોક્ત વિશાળ જાહેરસભા વિશે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વખતે વિધાનસભામા મળેલી ઐતિહાસિક જીતના પ્રતિક રૂપે ૧૫૬ ઢોલ નગારા મંડળીને આમંત્રણ આપવામાં આવ્યું છે , સાથે લેઝીમ મંડળી અને સાંસ્કૃતિક કાર્યક્રમ હેઠળ નવ્વારી સાડી પરિધાન કરેલી મહિલાઓ હાજર રહેશે. આ વિશાળ જાહેરસભામાં ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલાજી , ગુજરાત રાજ્યના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી , શ્રી મુકેશભાઈપટેલ, શ્રી રાઘવજી પટેલ ,વિવિધ ધારાસભ્ય શ્રીઓ , સુરત મહાનગરના મેયર શ્રી , સુરત શહેરના પ્રમુખશ્રી , મહામંત્રીશ્રીઓ અને અન્ય પદાધિકારીશ્રીઓ નગરસેવકશ્રીઓ , શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ , સુરત મહાનગર સંગઠનના અગ્રણી કાર્યકર્તાશ્રીઓ સહીત શુભેચ્છકો અને નગરજનો ઉપસ્થિત રહેશે. આજની પત્રકાર પરિષદમાં સુરત શહેર પ્રમુખ શ્રી નિરંજન ઝાંઝમેરા , સુરત શહેર મેયર શ્રીમતી હેમાલી બેન બોઘાવાલા ,ડેપ્યુટી મેયર શ્રી દિનેશભાઈ જોધાણી, સુરત શહેર સંગઠનના મહામંત્રીશ્રી કાળુભાઈ ભીમનાથ, શ્રી કિશોરભાઈ બિંદલ , સુરત મહાનગર પાલિકાના પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# વડીલ તથા યુવા કલાકારો સાથે મળીને પ્રાચીન કળાને નવી પેઢી સુધી આગળ વધારે: મંત્રી શ્રી મૂળુભાઈ બેરા

## અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા રાજ્ય કક્ષાના લલિતકલા ગૌરવ પુરસ્કાર પ્રદાન સમારંભ અને પ્રદર્શનનું આયોજન



કલાકારોને કળામાં અડચણ ઊભી ન થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે : મંત્રી શ્રી મૂળુભાઈ બેરા

કમલમ્ ન્યુઝ,

ગુજરાત રાજ્ય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૬થી ૨૦૨૦ના ચાર વર્ષ દરમિયાનના ગુજરાત રાજ્ય લલિત કલા ગૌરવપુરસ્કાર પ્રદાન સમારંભનું તથા પુરસ્કૃત કલાકારો દ્વારા રચિત કળાકૃતિઓના પ્રદર્શન કાર્યક્રમનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યના પ્રવાસન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી મૂળુભાઈ બેરા હસ્તે કુલ ૩૧ કલાકારોને લલિતકલા ગૌરવ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. ચિત્રકલા, છબીકલા, શિલ્પકલા (રેતશિલ્પ) ક્ષેત્રે આગવું પ્રદાન આપી ચૂકેલા કલાકારોને પુરસ્કાર રૂપે તામ્રપત્ર, રૂ. ૫૧,૦૦૦ તથા શાલ ઓઢાડીને સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે પ્રસંગિક ઉદબોધન આપતા મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ કહ્યું કે, સન્માનિત થયેલા તમામ કલાકારોએ ગુજરાતના કળાવારસામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. કોઈ પણ કારણોસર કલાકારોને કળામાં અડચણ ઊભી ન થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે, એવું તેમણે ઉમેર્યુ હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, લલિત કલા અકાદમી પુરસ્કૃત વડીલ કલાકારો અને યુવા કલાકારો સાથે મળીને કળાના વારસાને આગળ લઈ જાય; યુવાઓ પણ વિવિધ કળાના ક્ષેત્રમાં રસ લેતા થાય તેવું વડીલોનું માર્ગદર્શન મળી રહે તથા અનોખી અને પ્રાચીન કળાને આગળ વધારવામાં તે મદદરૂપ થાય. વિવિધ કળાના ક્ષેત્રે કલાકારો ઊર્જાવાન રીતે આગળ વધે, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના મેળવે તેવી શુભેચ્છાઓ પણ તેમણે પાઠવી હતી. આગવી ઓળખ અને અનોખી કળાના માલિક એવા આ ૩૧ કલાકારો વિવિધ ક્ષેત્રો જેવા કે, ચિત્રકલા છબીકલામાં ઘણા વર્ષોથી પોતાનું યોગદાન આપી રહ્યાં છે. શિલ્પકલામાં પણ રેતશિલ્પ ક્ષેત્રે સૌપ્રથમવાર કોઈ કલાકારને ગુજરાત સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા તે નોંધનીય છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ અમિતભાઈ ઠાકર, અમિતભાઈ શાહ, ગુજરાત સરકાર રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના કલાકારોએ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચક્ષુદાનને કૌટુંબિક પરંપરા બનાવીને દ્રષ્ટિહીનને નવી દ્રષ્ટિ આપીએ, ચક્ષુદાન કરીએ :- આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ

## ભારતમાં વર્ષે ૨ લાખ ચક્ષુઓની જરુરીયાત સામે સરેરાશ ૭૦,૦૦૦ ચક્ષુદાન મળે છે : ગુજરાત માં આ પ્રમાણ સરેરાશ ૫૦ થી ૫૫ % જેટલું




કમલમ્ ન્યુઝ,

વિશ્વભરમાં અંધત્વ નિવારણ માટેની યોજનાઓ અને કાર્યક્રમો તેમજ ચક્ષુદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે ૧૦ જૂનને વિશ્વ નેત્રદાન દિવસ તરીકે ઊજવવામાં આવે છે. ભારતમાં રાષ્ટ્રીય અંધત્વ અને દ્ષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા ચક્ષુદાન અંગે અનેકવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે.ચક્ષુદાન કરીને જરુરીયાતમંદને નવી દ્રષ્ટિ આપવાથી ઉત્તમ કાર્ય અન્ય કંઈ ન હોઈ શકે તેમ જણાવી આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ચક્ષુદાનને કૌટુંબિક પરંપરા બનાવીને દ્રષ્ટિહીનને નવી દ્રષ્ટિ આપવાના ચક્ષુદાનના આ સેવાયજ્ઞમાં રાજ્યના નાગરિકોને જોડાવવા અને ચક્ષુદાનની મહત્તામ જાગૃકતા ફેલાવવા અનુરોધ કર્યો છે.... દેશમાં વાર્ષિક ૨,૦૦,૦૦૦ જેટલા ચક્ષુઓની જરૂરિયાત સામે દેશમાં સરેરાશ ૭૦,૦૦૦ જેટલા ચક્ષુદાન પ્રાપ્ત થાય છે. જે પૈકી ૩૫ થી ૪૦ ટકા જેટલા ચક્ષુઓ જ કીકી પ્રત્યારોપણ માટે ઉપયોગમાં આવી શકે છે. ગુજરાતમા ચક્ષુદાનનુ આ પ્રમાણ ૫૦ થી ૫૫ % જેટલું છે.આથી ગુજરાત અને સમગ્ર દેશમાં હજુ પણ ચક્ષુદાન ક્ષેત્રે જનજાગૃતિની આવશ્યકતા રહેલી છે.રાષ્ટ્રીય અંધત્વ અને દ્ષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ સંદર્ભે ગુજરાત રાજ્યએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરેલ છે. રાજ્યમાં દ્ષ્ટિ ખામી નિયંત્રણ અને અંધત્વ નિવારણના અનેકવિધ જાગૃતિ કાર્યક્રમો થકી છેલ્લા દાયકામાં રાજ્યનો અંધત્વનો દર ૦.૯%થી ઘટીને ૦.૩% જેટલો થયો છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં રાજ્યમાં અંધત્વ દર ૦.૨૫% સુધી લઈ જવાનો રાજયસરકાર અને આરોગ્ય વિભાગનો લક્ષ્યાંક છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય નેત્રજયોતિ અભિયાન' અંતર્ગત રાજ્યને ફાળવવામાં આવેલ ૧,૨૬,૦૦૦ મોતિયાના ઓપરેશનની સામે રાજ્યમાં ૬,૨૬,૬૩૮ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા. જેમાં ૫૦૪% સિદ્ધિ સાથે સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ગુજરાતની આ સિદ્ધિની નોંધ કેન્દ્ર સરકારના 'રાષ્ટ્રીય નેત્રજયોતિ અભિયાન'માં પણ લેવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવેલ અહેવાલ મુજબ કુલ અંધત્વના ૭.૪% કીકીના રોગોને કારણે જોવા મળે છે. કીકીના રોગોને કારણે થતા અંધત્વના મુખ્ય કારણોમાં ઈજા, ચેપ, કુપોષણ, વિટામીન એ ની ખામી તથા જન્મજાત ખોડ વગેરેનો સમાવેશ થાય છે. રોગગ્રસ્ત કીકીની પારદર્શકતા ઘટી જતા દર્દીની દ્ષ્ટિ ઘટી જાય છે અને અંતમાં દર્દીને દેખાતું બંધ થઈ જાય છે. કીકીના રોગોને કારણે થતા અંધત્વના પ્રમાણમાં ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો છે. દેશમાં કીકીના રોગોને કારણે હાલમાં ૨,૦૦,૦૦૦ જેટલા વ્યક્તિઓ અંધ છે અને દર વર્ષે ૨૦,૦૦૦ જેટલા નવા કેસો સતત ઉમેરાતા રહે છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આથી અનેકવિધ યોજનાઓ, કાર્યક્રમો અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ થકી ચક્ષુદાન ક્ષેત્રે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજ્ય દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૪૪૧ ચક્ષુદાન મેળવવામાં સફળતા મળેલ છે.

**રાજ્યમાં ચક્ષુદાન અંગે ઉપલબ્ધ સુવિધાઓ**

રાજયમાં હાલ હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એકટ (હોટા) - ૧૯૯૪ અંતર્ગત ૩૩ આઈ બેંક, ૬૬ આઈ ડોનેશન સેન્ટર અને ૦૬ કીકી પ્રત્યારોપણ કેન્દ્રો કાર્યરત છે. રાજયમાં અંતરિયાળ વિસ્તારોમાં પણ ચક્ષુદાન સમયસર મેળવી શકાય તે હેતુસર સરકારી હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા ૧૭૪ ઓપ્ટોમેટ્રીસ્ટને ચક્ષુદાન સ્વીકારવા માટેની ખાસ તાલીમ ગત ત્રણ વર્ષમાં આપવામાં આવી છે.

**રાષ્ટ્રીય અંધત્વ અને દ્ષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સહાય અને યોજનાકીય લાભો**

રાષ્ટ્રીય અંધત્વ અને દ્ષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત વધુને વધુ સંસ્થા ચક્ષુદાન પ્રવૃત્તિમાં ભાગીદાર થાય તે હેતુસર અનુદાનની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને સરકારી ક્ષેત્રે નવી આઈ બેંક પ્રસ્થાપિત કરવા માટે ?૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આઈ ડોનેશન સેન્ટરને પ્રસ્થાપિત કરવા ?૧ લાખની જોગવાઈ છે. તદ્ઉપરાંત પ્રતિ ચક્ષુદાન દીઠ આઈ બેંક અને આઈ ડોનેશન સેન્ટરને અનુક્રમે ?૨૦૦૦/- અને ?૧૦૦૦/- ફાળવવામાં આવે છે.

**HMIS વેબપોર્ટલ**

ચક્ષુદાનમાં મળેલ ચક્ષુઓની ગુણવત્તા જળવાઈ રહે અને દાનમાં મળેલ આ ચક્ષુઓ પૈકી મહત્તામ ચક્ષુઓનું કીકી પ્રત્યારોપણમાં ઉપયોગ થઈ શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા દેશભરમાં પ્રથમ વખત નવતર ઉપક્રમ અંતર્ગત HMIS વેબ પોર્ટલ ઊભું કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજ્યના તમામ આઈ ડોનેશન સેન્ટર, આઈ બેંક અને કીકી પ્રત્યારોપણ કેન્દ્રોને આવરી લેવામાં આવશે તથા ચક્ષુદાતા પાસેથી ચક્ષુદાન પ્રાપ્ત થયાથી કીકી પ્રત્યારોપણ સુધીનું Real Time Tracking કરવામાંઆવશે. આધુનિક ટેકનોલોજી દ્વારા એક વ્યક્તિના ચક્ષુદાનથી ૩ થી ૪ વ્યક્તિઓને અલગ-અલગ પ્રકારની કીકી પ્રત્યારોપણની પદ્ધતિ દ્વારા દ્ષ્ટિ આપી શકાય છે. ભારતમાં ચક્ષુદાન પ્રત્યે જાગૃતિ લાવવા માટે ૨૫ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર દરમ્યાન ચક્ષુદાન પખવાડિયાની પણ ઉજવણી કરવામાં આવે છે.

•Printer/Publisher/Owner &Editor : Mahesh N.Patel. •Printed At :-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028